## International Women’s Day




તા. 08 March નો દિવસ સમગ્ર વિશ્વમાં International Women’s Day તરીકે ઉજવાય છે. ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ગૌતમ હોલમાં સભાગૃહમાં માનનીય કુલપતિશ્રી ડૉ.પંકજ એલ. જાનીના અધ્યક્ષ સ્થાને યુનિવર્સિટીના Women’s Development cell (WDC) અને એક્ષટેન્શન એક્ટીવીટી દ્વારા “Women’s health Issue Concerns” ના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાન પાછળનો મુખ્ય ઉદ્દેશ મહિલાઓની સ્વાસ્થ્ય પ્રત્યેની જાગૃતિ વધે અને નિષ્ણાંતનું માર્ગદર્શન મળે તે હતો. વ્યાખ્યાન માટે અમદાવાદની “ મધર હૂડ ” વિમેન્સ એન્ડ ચાઈલ્ડ કેર હોસ્પિટલના CEO તેમજ MD તરીકે કાર્યરત ડૉ.ટ્વિન્કલબેન પટેલને આમંત્રિત કર્યા હતા.

યુનિવર્સિટીની વિભિન્ન સ્કૂલોના ડાયરેક્ટર ડૉ.નીલેશ મોદી, ડૉ.અજીતસિંહ રાણા , ડૉ.મનોજ શાહ તેમજ બધા જ અધ્યાપકો / કર્મચારીશ્રીઓની ઉપસ્થિતિ હતી. શ્રી ડૉ.ટ્વિન્કલબેન પટેલનું ખેસ ઓઢાડીને સન્માન માનનીય કુલપતિશ્રી ડૉ.પંકજ જાની દ્વારા કરવામાં આવ્યું. તે પછી પુષ્પગુચ્છ , પુસ્તક તથા મેમેન્ટો આપીને યુનિવર્સિટીની વિવિધ વિદ્યાશાખાઓના નિયામકશ્રીઓ ડૉ.નીલેશ મોદી, ડૉ.અજીતસિંહ રાણા , ડૉ.મનોજ શાહ દ્વારા આમંત્રિત ડૉ.ટ્વિન્કલબેન પટેલનું સન્માન કરવામાં આવ્યું.





માનનીય કુલસચિવશ્રી પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયએ શ્રી મકરન્દ દવેની કવિતા સાથે પ્રાસંગિક ઉદબોધન કર્યું. યુનિવર્સિટીની વિદ્યાશાખાના નિયામકશ્રીઓએ ડૉ.નીલેશ મોદી, ડૉ.અજીતસિંહ રાણા , ડૉ.મનોજ શાહે પણ તેમના વિચારો રજૂ કર્યા હતા. માનનીય કુલપતિશ્રી ડૉ.પંકજ જાનીના પ્રોત્સાહક આર્શીવચનો સાથે આયોજિત કાર્યક્રમનો પ્રથમ ભાગ વિરામ પામ્યો. દ્વિતીય ભાગમાં આમંત્રિત સ્ત્રીરોગ નિષ્ણાંત ડૉ.ટ્વિન્કલબેન પટેલે તેમનું પ્રેઝન્ટેશન કર્યુ હતું. આ સમયે કાર્યક્રમની વિશેષાતાને ધ્યાનમાં રાખતાં યુનિવર્સિટીનાં કર્મચારીશ્રીઓમાં માત્ર બહેનો જ સહભાગી રહયાં હતા. આ દિવસે નારી શકિતનાં ઉદાહરણરૂપ શ્રી કિરણ બેદી લિખિત (ગુજરાતીમાં અનુવાદિત) પુસ્તક સ્ત્રી " નારીશકિત મારી દ્રષ્ટિએ" ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના પરિવારની દરેક બહેનોને આપવામાં આવી.




ટેકનિકલ સહાયક તરીકે સ્ટુડિયો ઈન્ચાર્જ પ્રો. ડૉ. હિમાંશુ પટેલની ટીમ તથા અલ્પાહારની વ્યવસ્થામાં ડૉ. મયંકભાઈ સોનીની ટીમનો સહયોગ મળેલ હતો. મહેમાન તથા યુનિવર્સિટી પરિવારના સભ્યોનું શાબ્દિક સ્વાગત વિદ્યાર્થી સહાય વિભાગના નિયામક શ્રી ડૉ. આવાબેન શુકલ દ્વારા કરવામાં આવ્યું હતું. આભારવિધિ ડૉ. પ્રિયાંકીબેન વ્યાસ દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન ડૉ. કૃતિ છાયાએ કર્યુ હતું.